## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



આપણી પાસે બે ચેલેન્જ છે... અમુક લોકોને શૌચ પછી હાથ ધોવાનું શીખવવું... અને જેમને આવડી ગયું છે તેમને, પાણી બચાવવા હાથ ઓછા ધોવા તે શીખવવું....!!



**આઈ.ટી. એક્સ્પો :** શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી આરંભાયેલ આઈ.ટી. એક્સ્પોએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. રવિવારે સવારથી જ નગરજનો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. ઈન્ફર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે રોજેરોજ થતાં સંશોધનોથી અવગત કરાવવાના પ્રયાસને પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડ્યો હતો. ઘરગથ્થું ઉપકરણો અને કોમ્પ્યુટર, લેપટોપના નવા નવા ફીચર્સ આઈ.ટી. એક્સ્પોમાં જોવા મળતા હતા. નગરના યુવાનો મોટી સંખ્યામાં માહિતી મેળવવા સ્ટોલે સ્ટોલે ફરતા હતા. કડી કેમ્પસની બી.બી.એ. કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા રજૂ થયેલા પ્રેઝન્ટેશનને પણ આકર્ષણ જમાવ્યું હતું. ગાંધીનગર કોમ્પ્યુટર - હાર્ડવેર એસોસિએશનના પ્રયાસોને નગરજનોએ બિરદાવ્યા હતા.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં નવા વરાયેલા પ્રમુખશ્રી રામાજી ઠાકોર દ્વારા ચાર્જ સંભાળતા પૂર્વે સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવ્યું છે.

● ગાંધીનગર શહેરમાં સામાજિક અને સ્વૈચ્છિક સંસ્થાઓના સ્નેહમિલન સમારોહ અને તેજસ્વી છાત્રોના સન્માનના કાર્યક્રમો ઉજવવામાં આવી રહ્યા છે.

● ગુજરાત સાહિત્ય અકાદમીના ઉપક્રમે આગામી ૩ થી ૫ જાન્યુઆરી દરમિયાન 'વાર્તાલેખન તાલીમ શિબિર'નું જાણીતા સાહિત્યકાર મધુરાયના સાનિધ્યમાં યોજવાનું આયોજન હાથ ધરાયું છે.

● શહેરના આંતરિક માર્ગોની સફાઈનું અભિયાન મનપાએ હાથ ધરવું જોઈએ તેવી માંગણી પ્રબળ બનતી જાય છે.

● તંત્ર એ જે દબાણો હટાવ્યા ત્યાં પુનઃ દબાણો ઉભા થઈ જતાં તંત્ર માટે દિવા તળે અંધારાની સ્થિતિનું નિર્માણ થયું છે.

● એક ખાનગી બેંકના સે-૨૧માં આવેલા એટીએમને દરવાજો જ નહી હોવાથી ગ્રાહકોની મુશ્કેલીઓ વધી છે.

● ચિત્રલેખા દ્વિ-અંકી નાટય સ્પર્ધામાં ગાંધીનગરની ત્રણ ટીમોએ અમદાવાદ ખાતેની સ્પર્ધામાં ભાગ લીધો હતો.

# શહેરના ધંધાદારીઓની રોજી-રોટી છીનવાતાં હાલત કફોડી

ગાંધીનગર, તા.૨૭

પાટનગરમાં બિનઅધિકૃત બાંધકામ અને બિનઅધિકૃત વપરાશને દુર કરવાની નામદાર હાઈકોર્ટના હુકમ અન્વયે મનપાએ કાર્યવારી શરુ કરીને સીલીંગ પ્રક્રિયા હાથ ધરી છે. કાયદાનું સન્માન જાળવી ધંધાદારીઓ પણ માલસામાન ખસેડી લઈ પુર્ણ સહકાર આપ્યો છે. પરંતુ કાળઝાળ મોંઘવારીમાં મોટી રકમ ખર્ચી વર્ષોથી ધંધો કરતાં ધંધાદારીઓની રોજીરોટી છીનવાતાં હાલક કફોડી બની છે. તંત્ર આ બાબતે જાણકારીમાં હોવા છતાં આવા ધંધાદારીઓના સ્થળોને અધિકૃત કરવામાં કોઈ જ પ્રક્રિયા અત્યાર સુધી ન કરતાં તેના ઘેરા પ્રત્યાઘાત લોકોમાં પડી રહ્યાં છે. જો કે કેટલાક ધંધાદારીઓ આ અંગે કાનૂની સલાહ સુચનો મેળવી યોગ્ય માર્ગ શોધવાની તરફેણમાં રહ્યા છે.

ગાંધીનગરના અસ્તિત્વ સાથે ખુબ જ સમિતિ સંખ્યામાં કોમર્શિયલ બાંધકામો ઉભા કરવામાં આવ્યા હતા. આ બાંધકામો સિવાય સમગ્ર નગરમાં ઠેકઠેકાણે કોમર્શિયલ બાંધકામો ઉભા કરી દુકાનોની ફાળવણી કરી બિનઅધિકૃત એટલે કે શરતભંગ કરી ધંધા અભ્યાસ થઈ રહ્યા હતા. વર્ષોથી આ પ્રવૃત્તિમાં લાઈટ, ટેલીફોન જેવા જોડાણો પણ અપાયાછે અને કરવેરા પણ ભરાતા હોવાનું જાણવા મળેલ છે. સરકાર તરફથી લાઈટ કે ટેલીફોન કનેકશન મેળવવા જરુરી આધાર પુરાવા મેળવાતા હોય છે. જે મળેથી જ કનેકશન મળતા હોય છે જે આવા બાંધકામોને પૂરા પડાયા છે આ તમામ પ્રવૃત્તિ તંત્રની જાણમાં હોવાનું ઉપરોક્ત બાબતોથી પુરવાર થતું હોવાનું વેપારી વર્ગ જણાવી રહ્યો છે. છતાં પણ આવા બાંધકામોને કાયદેસર રીતે કોમર્શિયલ કરવા પ્રત્યે તંત્રએ કોઈ જ કાર્યવાહી હાથ ન ધરતાં છેવટે નામદાર હાઈકોર્ટમાં રજુ થયેલા દસ્તાવેજી પુરાવા આધારે બિનઅધિકૃત બાંધકામ કે બિનઅધિકૃત વપરાશ જણાઈ આવેથી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

હવે જયારે સમગ્ર નગર તમામ રીતે સજ્જ બની વિકાસની કેડીએ ધમધમતું બન્યું છે અને વસ્તીની દૃષ્ટિએ ઠેકઠેકામે દરેક પ્રકારની દુકાનો અને કોર્મશિયલ બાંધકામની આવશ્યકતા છે ત્યારે મર્યાદીત કાયદેસર કોમર્શિયલ બાંધકામ થતી લોકોની માંગણીઓ અને જરૂરિયાત સંતોશી શકાય તેવી સ્થિતિ નથી ત્યારે તંત્ર દ્વારા કાનૂની રીતે યોગ્ય માર્ગ શોધવો જોઈએ તેવી લોક માંગ પણ ઊભી થઈ છે તો બીજી તરફ વર્ષોથી ધંધો કરતાં લોકો હવે ઠરીઠામ થયા છે ત્યારે જ આ સ્થિતિનું નિર્માણ થતાં ધંધાદારીઓ રઝળી પડ્યા છે. હાલના સંજોગો મુજબ નગરમાં અન્યત્ર કોઈ ધંધાની જગ્યા ખાલી નથી ત્યારે નામદાર હાઈકોર્ટના હુકમના પાલન સાથે નગરના ધંધાદારીઓને ન્યાય મળે તેવું તંત્ર વ્યવસ્થા હાથ ધરે તેવી લોક લાગણી ઉભી થઈ છે.

# જિલ્લાના ત્રણ પીઆઈ, ૧૫ પીએસઆઈની આંતરિક બદલી

**દહેગામનાં પીઆઈ સૈયદ જિલ્લા બહાર બદલીના સ્થળે હાજર થતા ફેરફારો થયા : એલ.બી. મોણપરાને દહેગામ અને ટ્રાફીક પીઆઈ સી.કે. ચૌધરીને કંટ્રોલરૂમમાં મુકાયા**

ગાંધીનગર, તા.૨૭

દહેગામ પોલીસ મથકના પીઆઈ સૈયદની જિલ્લા બહાર બદલીનો ઓર્ડર થયો હતો તે સંદર્ભે જિલ્લામાંથી છુટા થતા આજે દહેગામ સિનિયર પીઆઈ તરીકે એલ.બી. મોણપરાને મુકવામાં આવ્યા છે. જિલ્લાના ત્રણ પીઆઈ અને ૧૫ પીએસઆઈની આંતરીક બદલીઓનાં ઓર્ડર જિલ્લા પોલિસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવે જારી કર્યા છે.

દહેગામમાં ઈદ એ મિલાદ દરમિયાન જુલુસ વખતે બે કોમ સામ સામે આવી ગયા બાદ દહેગામ વિસ્તારનું વાતાવરણ તંગ બન્યું હતું. દહેગામ પીઆઈ સૈયદ જિલ્લા બહાર થયેલી બદલીના સ્થળે હાજર થતા જિલ્લામાંથી છુટા થતા આ સંવેદનશીલ પોલીસ મથકમાં બે પીઆઈની નિમણુંક કરવામાં આવી છે. સે-૨૧ પીઆઈ એલ.બી. મોણપરાને દહેગામ સિનિ. પી.આઈ. તરીકે અને ગાંધીનગર કંટ્રોલ પીઆઈ એ.બી. રાઠવાને દહેગામ સેકન્ડ પીઆઈ તરીકે મુકવામાં આવ્યા છે. જયારે ટ્રાફીક પીઆઈ સી.કે. ચૌધરીને કંટ્રોલ પીઆઈમાં મુકવામાં આવ્યા છે તે ઉપરાંત ૧૫ પીએસઆઈની આંતરીક બદલીઓના ઓર્ડર પણ કરવામાં આવ્યા છે.

# બોર્ડ-નિગમોમાં નિમણુંક માટે રાજકીય હિલચાલ

ગાંધીનગર, તા.૨૭

ભાજપના કાર્યકરો આગેવાનોની નારાજગી ઠારવા માટે બોર્ડ-નિગમોમાં ચેરમેન ડીરેકટરોની નિમણુંક પ્રક્રિયા આગામી ટૂંક સમયમાં કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

રાજયમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં જિલ્લા તાલુકા પંચાયતોમાં ભાજપનો કારમો પરાજય થવા પામ્યો હતો. આ પરાજય પાછળ ગ્રામ્ય વિસ્તારોમાં કાર્યકરોમાં નારાજગીના કારણે નિષ્ક્રિયતા હોવાનું એક કારણ બહાર આવવા પામ્યું હતું.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આવતીકાલે પ્રદેશ ભાજપ આગેવાનોની એક બેઠક પરાજય અંગે મંથન કરવા મળનારી છે. જેમાં બોર્ડ નિગમોમાં કાર્યકરોને સમાવવા અંગેનો એક મુદ્દો ચર્ચવામાં આવે તેવી પુરી શકયતા છે.

પ્રાપ્ત વિગતો મુજબ નારાજ કાર્યકરોને ખુશ કરવા અને ફરી તેમનામાં ઉત્સાહ જાગે તે માટે આગામી ટૂંક સમયમાં બાકી રહેલા બોર્ડ-નિગમો પૈકીના કેટલાક બોર્ડ નિગમોમાં ચેરમેન, ઉપાધ્યક્ષ-ડીરેકટરોની નિમણુંકોની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

બોર્ડ નિગમોમાં નિમણુંકોની પ્રક્રિયા સાથે જિલ્લા તાલુકા સંગઠનની પુનઃરચના પ્રક્રિયા પણ હાથ ધરીને પૂર્ણ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.



**સ્નેહ મિલન :** કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ દ્વારા રવિવારે સેક્ટર-૧૭ ખાતે સ્નેહ મિલન સમારોહ યોજાયો હતો. આ સંમેલનમાં મહિલાઓનો વિકાસ, રાજપૂત સમાજના પડતર પ્રશ્નો અને વિવાદોમાં આમૂલ પરિવર્તન અંગે વિસ્તૃત ચર્ચાઓ કરાઈ હતી.

# આજે કોંગ્રેસના ૧૩૦માં સ્થાપના દિન નિમિત્તે ધ્વજવંદનનો કાર્યક્રમ

આજે ૨૮મી ડિસેમ્બર સવારે ૯.૪૫ કલાકે કોંગ્રેસ કાર્યાલય, સેકટર-૨૨ ખાતે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના ૧૩૦માં સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવશે જે પ્રસંગે કોંગ્રેસ પક્ષનો ધ્વજ જિલ્લા પ્રમુખ સૂર્યસિંહજી ડાભીના વરદ હસ્તે ફરકાવવામાં આવશે. પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી - પ્રવક્તા નીશીત વ્યાસ, પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, ધારાસભ્યો મહેન્દ્રસિંહ વાઘેલા, બળદેવજી ઠાકોર, અમિતભાઈ ચૌધરી, શ્રીમતી કામીનીબેન રાઠોડ, પ્રદેશ નિરીક્ષક બળદેવભાઈ લૂણી, રમીલાબેન દેસાઈ, પ્રમુખ ડૉ. કૌશિક શાહ, વિપક્ષ નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, પુર્વ પ્રમુખો સી.જે. ચાવડા, જશુભા રાણા, પ્રદેશ મંત્રી બાબુજી ઠાકોર, ડૉ. કમલેશ ચૌધરી, પૂર્વ ધારાસભ્ય સુરેશભાઈ પટેલ, વિક્રમસિંહ ખાચર, મુકેશભાઈ પટેલ, જુગાજી ઠાકોર, સેંધાજી ઠાકોર, ચીમનભાઈ વિંઝુડા, અરવિંદસિંહ સોલંકી, ભરતભાઈ પટેલ, જયદીપસિંહ ઠાકોર, પ્રવીણભાઈ પટેલ, શહેર-તાલુકા પ્રમુખપ્રમુખ, જિલ્લા-તાલકા પંચાયત તેમજ નગરપાલિકાના સદસ્યો, સેલ-ડીપાર્ટમેન્ટના પદાધિકારીઓ, યુવક કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ, એનએસયુઆઈ અને સેવાદળના પદાધિકારીઓ વિગેરે ઉપસ્થિત રહેશે.

# આજથી આકાશમાં સર્જાશે અદ્‌ભૂત નજારો

**સોમવારથી બુધવાર સુધી આકાશમાં મંગળ, ગુરુ, શુક્ર, શનિ અને ચંદ્ર એમ પાંચ પાંચ ગ્રહોની નયનરમ્ય યુતિ સર્જાશે : વહેલી પરોઢે સ્વચ્છ આકાશમાં નજારો માળી શકાશે**

ગાંધીનગર, તા.૨૭

વર્ષ ૨૦૧૫ના આખરી દિવસોમાં આકાશમાં અદ્‌ભૂત ખગોળીય ઘટના આકાર લેવા જઈ રહી છે. સોમવારથી વહેલી પરોઢે આકાશમાં મંગળ, ગુરુ, શુક્ર, શનિ અને ચંદ્રની યુતિનો નયનરમ્ય નજારો જોવા મળશે. આ નજારો બુધવાર સુધી વહેલી પરોઢે સ્વચ્છ આકાશમાં જોવા મળશે તેવું ભારત જનવિજ્ઞાન જાથા સંસ્થાએ જણાવ્યું છે.

અવકાશમાં શોધાયેલા ગ્રહો અને વણશોધાયેલા ગ્રહો સૂર્યની આસપાસ નિયમિત સમયાંતરે પરિભ્રમણ કરે છે. આ કારણે અણુક દિશા, નિશ્ચિત તારીખે અને સમયે ઘણીવાર અદ્‌ભૂત અવકાશી નજારા સર્જાતા હોય છે. જાથાના જણાવ્યા મુજબ સોમવારથી બુધવાર સુધી વહેલી પરોઢે ૫.૨૫ કલાકથી સવાર ૬.૫૫ કલાક સુધી મંગળ, ગુરુ, શુક્ર, શનિ અને ચંદ્ર એમ પાંચ-પાંચ ગ્રહોની યુતિ સર્જાશે. આ સમયે વૃશ્ચિક રાશિમાં શનિ ગ્રહ, તુલા રાશિમાં શુક્રનો તેજસ્વી ગ્રહ, કન્યા રાશિમાં મંગળનો રતાશ ગ્રહ, સિંહ રાશિમાં ગુરુનો ગ્રહ અને કર્ક રાશિમાં ચંદ્ર નરી આંખે તેમજ ટેલિસ્કોપ, દૂરબીન વગેરેથી જોઈ શકાશે. વર્ષ ૨૦૧૫ની આખરમાં કુદરતની આ અણમોલ ભેટ સમા આલ્હાદ્‌ક નજારાને માણવા ખગોળશાસ્ત્રીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ખગોળીય જ્ઞાન આપતી શાળાઓ ખાતે ખગોળપ્રેમીઓએ ધામા નાંખી દીધા હતા. ગાંધીનગરના નગરજનો પણ આ અદ્‌ભૂત નયનરમ્ય નજારો માણવા ભારે ઉત્સુક બન્યાં છે.

# સ્વામિનારાયણ મંદિર દ્વારા યોજિત 'ભગવત્ કૃપા પર્વ'ને પ્રચંડ પ્રતિસાદ

## પંચાવન હજારથી વધુ ભાવિકોએ 'હરિકૃપા દર્શન'ની મુલાકાત લઈ બદ્રીનાથ ધામ યાત્રાની ધન્યતા અનુભવી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના હાર્દસમા સેકટર-૨૩ સ્વામિનારાયણ મંદિર દ્વારા યોજિત 'ભગવદ્ કૃપા પર્વ'ને પ્રચંડ પ્રતિસાદ મળ્યો હતો. પાંચ દિવસ સુધી યોજાયેલા આ 'ભગવદ્ કૃપા પર્વ'નો લાભ હજ્જારો હરિભક્તો અને નગરજનોએ લીધો હતો.




અત્રે નોંધનીય છે કે પંચાવન હજારથી વધુ ભાવિકોએ 'હરિકૃપા દર્શન'ની મુલાકાત લઈ બદ્રીનાથ ધામયાત્રાની ધન્યતા અનુભવી હતી.

પ્રભુભક્તિ, સત્કર્મ, સેવા, સંપ, સદ્‌ભાવ જેવા સદ્‌ગુણોની અભિવૃદ્ધિ માટે અને ઈશ્વરના કૃપાપાત્ર બનવા માટે યોજાયેલા આ અનોખા પર્વ અન્વયે શહેરનું વાતાવરણ ધાર્મિક અને ભક્તિમય બની ગયું હતું. આ પર્વના પ્રારંભે પ.પૂ. મોટા મહારાજ તેજેન્દ્રપ્રસાદ મહારાજના હસ્તે 'હરિકૃપા દર્શન' પ્રદર્શનનો શુભારંભ કરવામાં આવ્યો હતો. પોથીયાત્રા અને નગરયાત્રામાં હરિભક્તો ખુબ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. મેડિકલ કેમ્પનો ઘણા નગરજનોએ લાભલીધો હતો. મહિલાઓ માટે આ અવસરે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્સંગલક્ષી મહિલા સશક્તિકરણ કાર્યક્રમનો લાભ મહિલાઓએ ખુબ ઉલ્લાસપૂર્વક લીધો હતો.

આ ઉપરાંત 'હરિ વિષ્ણુયોગ', 'સત્સંગ ભૂષણ કથા', 'અહોભાગ્યમ્' જેવા પ્રસંગો - કાર્યક્રમોમાં હરિભક્તો અને ભાવિકોની ઉપસ્થિતિની નોંધપાત્ર રહી હતી. ગાંધીનગરના તબીબ ક્ષેત્રના નિષ્ણાતો - વૈદ્ય અશ્વિનભાઈ બારોટ, ડો. ખીલનભાઈ મણિયાર, સંજયભાઈ પટોલીયા તથા ડો. સ્નેહલભાઈ વાઘેલાએ સાજા રહો આરોગ્ય વિષયક સર્વલક્ષી માહિતી આપી હતી. જેને ખુબ સરાહના મળી હતી. ધૂન, કથાશ્રવણ, સત્સંગ ગોષ્ઠી જેવા કાર્યક્રમો ઉપરાંત રાત્રે યોજાતા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં નગરજનોએ રસપૂર્વક ભાગ લીધો હતો. ખુબ જ દર્શનીય એવા પ્રદર્શનનો લાભ ૫૫ હજાર જેટલા મુલાકાતીઓએ લીધો હતો તથા તેની સરાહના કરી હતી. સમગ્ર 'ભગવત્ કૃપા પર્વ'ને સફળ બનાવવા તથા વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેનાર હરિભક્તો અને નગરજનોનાં મહોત્સવ સમિતિ તથા શાસ્ત્રી હરિપ્રિયદાસજીએ આભાર વ્યક્ત કર્યો છે.

